જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર
ટેલીફોન નંબર  ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦,૨૫૬૩૦૩૦૦,૨૫૬૩૦૪૦૦    ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૨૦/૭/૨૦૧૫ સોમવાર

## અમદાવાદ શહેર પોલીસ સમાચાર

શહેર પોલીસ ધ્વારા કરવામાં આવેલ પ્રશંસનીય/નોંધપાત્ર કામગીરીઃ-    સમાચાર યાદી નં.૧૪૬૪/૧૫

### "સેકટર.૨ સ્કોર્ડે બાપુનગરમાંથી બે દેશી બનાવટના તમંચા તથા આઠ જીવતા કારતુસ સાથે એક ઇસમની તથા નરોડામાંથી ૨૨૫ લીટર દેશીદારૂ સાથે બે ઇસમની ધરપકડ કરી"

સંયુક્ત પોલીસ કમિશ્નરશ્રી મનોજ શશીધર સેકટર.૨ અ'વાદ શહેર નાઓએ સેકટર.૨ સ્કોડના પોસઇ એચ.વી.સીસારા તથા માણસોને આપેલ સુચના આધારે નાઇટ રાઉન્ડ પેટ્રોલીંગ દરમ્યાન સ્કોર્ડને મળેલ ખાનગી અને ચોક્કસ આધારભુત બાતમી હકિકત આધારે

- બાપુનગર પોલીસ સ્ટેશન વિસ્તારમાં રેવાભાઇ ગાર્ડનના ગેટ પાસેથી જીતેન્દ્ર ઉર્ફે જીતુ સ/ઓ વિશ્વનાથસિંહ ચૌહાણ ઉવ.૩૧ રહે. ઘર નં.૩૪, ઉતમનગર સોસાયટી, ભગવતી મેરેજ હોલની બાજુમાં, વિરાટનગર, નિકોલ, અમદાવાદ નાને બે દેશી હાથ બનાવટના તમંચા તથા કારતુસ નંગ.૮ મળી કુલ્લે કિ.રૂ.૧૧,૯૦૦/- ના મુદ્દામાલ સાથે ધરપકડ કરી બાપુનગર પોલીસ સ્ટેશન કાયદેસર ફરીયાદ આપેલ છે. પકડાયેલ આરોપીની પુછપરછ દરમ્યાન એવી હકિકત મળેલ છે કે, પકડાયેલ જીતેન્દ્ર ચૌહાણ અગાઉ બે વખત ધાડની કોશીષમાં આર્મ્સ સાથેના ગુનામાં તથા અપહરણના કેસમાં મળી ૭ થી વધુ ગુનાઓમાં પકડાયેલ છે અને હથીયારો બાબતે પુછતા જણાવે છે કે, ફેકચર ગેંગના જીતેન્દ્ર ચૌહાણ અગાઉ બે વખત ધાડની કોશીષમાં આર્મ્સ સાથેના ગુનામાં તથા અપહરણના કેસમાં મળી ૭ થી વધુ ગુનાઓમાં પકડાયેલ છે અને હથીયારો બાબતે પુછતા જણાવે છે કે, ફેકચર ગેંગના હરીન્દ્ર રાજપુત સાથે છેલ્લા એકાદ વર્ષે તકરાર ચાલતી હોય તેનુ ખુન કરવા માટે આ તમંચા ગામ.લીધ્યાપુરા થાના.ભરતના જિ.ઇટાવા ઉતરપ્રદેશ ખાતે રહેતા મુન્ના યાદવ પાસેથી લાવેલ હોવાનુ જણાવતો હોય ઉપરોક્ત મુન્ના યાદવને વોન્ટેડ જાહેર કરી કાયદેસર કાર્યવાહી કરેલ છે. તેમજ તાજેતરમાં હરીન્દ્ર ઉદયભાણ પટેલ નાઓની ઓફીસ ઉપર થયેલ ફાયરીંગના બનેલ બનાવમાં પણ ઉપરોક્ત પકડાયેલ આરોપીનો જ હાથ છે કે કેમ તે દિશામાં તપાસ ચાલુ છે.
- નરોડા પોલીસ સ્ટેશન વિસ્તારમાંથી નરોડા-દહેગામ રોડ નિલકંઠ હાઇટસ પાસેથી (૧) હસમુખ ઉર્ફે વાલીયો સ/ઓ રેવાભાઇ જેઠાભાઇ ઠાકોર ઉવ.૩૦ રહે. અનીલ વકીલની ચાલી, મહાકાળી ચોક, પ્રેમનગર, મેમ્કો, અમદાવાદ (૨) હિમ્મત સ/ઓ ભગાજી છનાજી ઠાકોર ઉવ.૨૪ રહે. ધાબાવાળી ચાલી, મેમ્કો, અમદાવાદ નાઓને બે સીએનજી રીક્ષા દેશીદારૂ ૨૨૫ લીટર કિ.રૂ.૪૫૦૦/- નો લઇ જતાં વખતે રેઇડ દરમ્યાન પકડાઇ ગયેલ હોય કુલ્લે કિ.રૂ. ૧,૬૩,૭૦૦/- નો મુદ્દામાલ કબ્જે કરી ત્રણ આરોપીની વોન્ટેડ જાહેર કરી કાયદેસર કાર્યવાહી કરેલ છે.

આમ સેકટર.૨ સ્કોર્ડે તા.૨૦/૭/૧૫ ના રોજ નાઇટ રાઉન્ડ દરમ્યાન બે દેશી હાથ બનાવટના તમંચા તથા ૮ નંગ જીવતા કારતુસ સાથે એક ઇસમની બાપુનગર વિસ્તારમાંથી તથા ૨૨૫ લીટર દેશીદારૂ સાથે બે ઇસમની નરોડા વિસ્તારમાંથી ધરપકડ કરી કાયદેસર કાર્યવાહી કરેલ છે.

નાયબ પોલીસ કમિશનર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી.



Print to PDF without this message by purchasing novaPDF (http://www.novapdf.com/)